મહે.નામદાર અમરેલીના શ્રી એફ.બી. પઠાણ જજ સાહેબ મજુર અદાલત સમક્ષ, અમરેલી.

વર્કમેન કોમ્પેનસેશન ફેટલ કેસનં. ૨/૨૦૧૭

આંક : ૩૮

અરજદારો: ગુજરનાર નરેશભાઈ બાલુભાઈ જેઠવા ના વારસો

(૧) બાલુભાઈ વીરાભાઈ જેઠવા ઉ.વ. ૪૫ (પિતા)

(૨) બાધુબેન બાલુભાઈ જેઠવા ઉ.વ.૪૦ (માતા)

રહે. બધા રાવણબેટ, ચાંચબંદર, તા.રાજુલા, જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળાઓ : (૧) વાહન ટ્રેકટર નં.જી.જે.–૧૪–એ.એ.–૭૧૬૬ ના માલીક
રાજેશભાઈ ખોડાભાઈ બારૈયા રહે. ચાંચબંદર ,તા.રાજુલા, જિ.અમરેલી

(૨) વાહન ટ્રેકટર નં.જી.જે.–૧૪–એ.એ.–૭૧૬૬ ના વીમાકંપની
ટાટા–એ – આઈ–જી.જનરલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ
સેન્ટ્રલ ,ટરકયુજ ૨–બી. બીજા માળે, પંચવટી ક્રોસીગ ,સીજી.રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૬.

(૩) વાહન ટ્રેકટર ની ટ્રોલી નં.જી.જે.–૧૪–એકસ–૨૯૭૮ ના માલીક
નરશીભાઈ મેરામભાઈ ચૌહાણ માલીક રહે. ચાંચબંદર, તા.રાજુલા,
જિ.અમરેલી.

(૪) વાહન ટ્રેકટરની ટ્રોલી નં.જી.જે.–૧૪–એકસ–૨૯૭૮ ના વીમાકંપની
ન્યુ.ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ ઠે. જીવનધારા બીલ્ડીંગ,
એસ.ટી. બસ સ્ટેશન સામે, અમરેલી.

અરજદાર તરફે : – વિદ્વાન વકીલશ્રી એચ.સી.કાલાવાડીયા

સામાવાળા નં.૧ તથા૩ તરફે :– વિદ્વાન વકીલશ્રી એચ.ઓ. મંડોરા

સામાવાળા નં.૨ તરફે :– વિદ્વાન વકીલશ્રી એ.એ.સહેદાણી

સામાવાળા નં.૪ તરફે :– વિદ્વાન વકીલશ્રી જે.ડી. ચૌધરી

:: હુ ક મ ::

હાલના કામે અરજદારોએ ગુજરનાર નરેશભાઈ બાલુભાઈ જેઠવાનાઓ સામાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા હતા અને ચાલુ ફરજે ગુજરનારનું અવસાન થયેલ જેથી તેઓના વારસદાર તરીકે હાલના કામે વળતર મેળવવા માટે હાલની અરજી અરજદારોએ કરેલ છે તથા ચાલુ કેસ દરમ્યાન આ કામે અરજદારોને સામાવાળા સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય જેથી આંક–૩૭ થી સમાધાન પુરસીસ રજુ રાખેલ છે અને સદર સમાધાન પુરસીસમાં પક્ષકારો તથા તેમના વકીલશ્રીઓએ સહીઓ કરેલ છે જેથી અત્રે રજુ રાખેલ સમાધાન પુરસીસ પક્ષકારોને વાંચી સંભળાવતા તે કબુલ મંજુર રાખી હાલના અરજદારો સદર વળતર અરજીના કામે સમાધાન કરતા હોય જેથી સદર સમાધાન પુરસીસ આજ રોજની લોકઅદાલતમાં રેકર્ડે લઈ આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**(૧)** આ કામે પક્ષકારો તરફથી આંક–૩૭ થી રજુ રાખેલ પુરસીસ પ્રમાણે સામાવાળા નં.ર નાએ રૂા.૫,૫૦,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા) અરજદારોને વળતરની રકમ પેટે ચુકવવાનો આથી હુકમ કરવામા આવે છે.

**(૨)** આ કામના સામાવાળાનં.–ર નાએ સદર વળતરની રકમ રૂા.૫,૫૦,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા) આ હુકમ થયેથી દિન–૩૦ મા અત્રેની અદાલતમા જમા કરાવવી.

**(૩)** આ કામના સામાવાળા નં.ર નાએ સદર વળતરની રકમ રૂા.૫,૫૦,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા) આ હુકમ થયેથી દિન–૩૦ મા જમા ન કરાવે તો ત્યારબાદ અરજદારો સદર વળતરની રકમ ઉપર ૧૨ % લેખે વ્યાજ મેળવવા હકકદાર થશે તેવો હુકમ કરવામા આવે છે.

(૪) આ કામે અરજદારો વ્યાજ તથા પેનલ્ટીની રકમ જતી કરતા હોય જેથી તે કામે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૫) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

અમરેલી

તા.૦૯ / ૦૩ /૨૦૧૯

(ફીરોઝખાન બીસ્મીલ્લાખાન પઠાણ)
વર્કમેન કોમ્પેન્સેશન કમિશન અને
ન્યાયાધીશ
મજુર અદાલત, અમરેલી.
જજ કોડ નં.જીજે૦૦૬૩૨.